# આકાશવાણી-ભુજ

**સમાચારવાચક : કલ્પના શાહ**

**કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક**

**તારીખ-૦૯-૧૦-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## ગૃહ રાજ્યમંત્રી-હર્ષ સંઘવી જીલ્લાની મુલાકાતે :

કચ્છ જિલ્લાની મુલાકાતે આવેલા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ માતાના મઢ ખાતે દેશદેવી મા આશાપુરાના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી.તેમણે કચ્છની કુળદેવી આશાપુરા માતાજી સમક્ષ શીશ ઝુકાવી રાજ્યમાં જન સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

આ અગાઉ ભુજ ખાતે કચ્છ જિલ્લા પોલીસ વિભાગ દ્વારા આયોજિત કાર્યક્રમમાં ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગુજરાત પોલીસ હાઉસિંગ બોર્ડ દ્વારા નવનિર્મિત રૂ.૧૯ કરોડના ૧૪૪ મકાનોનું લોકાર્પણ કર્યું હતું.આ ઉપરાંત,કચ્છ જિલ્લા એસઆરપી ગ્રુપ-૧૬ ભચાઉ ખાતેના કક્ષા-બીના ૭૨ આવાસો તથા ગાગોદર પોલીસ સ્ટેશનનું ઇ-લોકાર્પણ તેમજ પૂર્વ કચ્છ જિલ્લા પોલીસ પરિવાર દ્વારા સંચાલિત શિણાય ગૌશાળા તથા અંજાર એસટી ડેપો વર્કશોપનું ઇ-ખાતમુહૂર્ત કર્યું હતું.

આપ્રસંગે આયોજિત કાર્યક્રમમાં ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે,સરહદી કચ્છ જિલ્લો આંતરરાષ્ટ્રીય સીમા ધરાવે છે ત્યારે દેશની સુરક્ષાનું મહત્વપૂર્ણ કાર્ય કરતા પોલીસ જવાન,બીએસએફ તથા આર્મીના જવાનોને તેમણે અભિનંદનને પાઠવ્યા હતા.

આ પ્રસંગે તેમણે નવનિર્મિત આવાસમાં પોલીસ પરીવારોને સ્વચ્છતા જાળવવા અનુરોધ કર્યો હતો.આ સાથે જ નાગરિકોમાં પોલીસનો ડર દૂર થાય અને સામાન્યજન સાથે સૌહાર્દપૂર્ણ વ્યવહારના અમલીકરણ અને પોલીસ સ્ટેશનમાં આવતા અરજદારો માટે સન્માનજનક અને વિશ્વાસનું વાતાવરણ ઉભું કરવા પોલીસ વિભાગને અનુરોધ કર્યો હતો.

તેમણે પૂર્વ કચ્છ જિલ્લા પોલીસ દ્વારા નિર્મિત થનારી ગૌ-શાળાની કામગીરીને બિરદાવતા જણાવ્યું હતું કે,ગાયની સુરક્ષા માટે સરકારે કાયદો અમલી કર્યો છે જે હેઠળ પોલીસ ગૌ-હત્યાને રોકવા કડક કામગીરી કરી રહી છે,પરંતુ રાજ્યમાં પ્રથમવાર ગાયના જતન માટે કચ્છ પોલીસે ગૌ-શાળાનું નિર્માણ કરવાનું બીડું ઝડપીને પ્રશંસનીય દાખલારૂપ માર્ગ ચીંધ્યો છે.

આ પ્રસંગે 'ગુરૂ –જન –સેતુ' યોજના શરૂ કરવા બદલ બોર્ડર રેન્જ પોલીસને અભિનંદન આપતા ઉમેર્યું હતું કે,આ યોજનાના માધ્યમથી સરહદી મહિલાઓ પોલીસને સહયોગ આપીને કામગીરી કરશે.જેનાથી સરહદી સુરક્ષા વધુ મજબૂત બનશે.

તેમણે રાજ્યમાં પ્રથમવાર ગુજસીટોકની કલમ લગાડી વ્યાજખોરોને જેલ હવાલે કરનાર કચ્છ પોલીસને અભિનંદન પાઠવ્યા હતા.નાગરિકોને વ્યાજખોરોની ચૂંગાલમાં ફસાઈ જવાના બદલે પીએમ સ્વનિધી યોજનાનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.આ ઉપરાંત રાજ્ય સરકાર હસ્તકની જમીનોને કચ્છના વહીવટીતંત્રે દબાણમુકત કરી તે બદલ અભિનંદન પાઠવ્યા હતા.

આ અગાઉ ભુજના પોલીસ ગ્રાઉન્ડ ખાતે ગૃહ રાજ્ય મંત્રીને ગાર્ડ ઓફ ઓનર અપાયું હતું.તેમણે પોલીસ ગ્રાઉન્ડ ખાતે શહીદ સ્મારક પર પુષ્પાંજલી અર્પીને શહિદોને શ્રધ્ધાંજલી અર્પી હતી.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ભુજ ખાતે વાણીયાવાડના આદિનાથ જિનાલયની મુલાકાત લઈને મહારાજ સાહેબના આર્શીવાદ મેળવ્યા હતા.જ્યાં શ્રી જગત શેખરવિજયજી મહારાજે તેમને આર્શીવાદ આપીને રાજ્યમાં હંમેશા જનસુખાકારી જળવાઈ રહે તેવી કામના કરી હતી.

**માહિતી ખાતું/કલ્પના શાહ**

---

## જીલ્લામાં પશુઓમાં લામ્પી વાઇરસ અંગે સ્પસ્ટતા :

જિલ્લામાં લમ્પી વાયરસના કેસો દેખાવાના સમાચાર બાદ પશુપાલન વિભાગ સતર્ક બન્યું છે.આ અંગે પશુપાલન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે,કચ્છ જિલ્લામાં પશુઓમાં હાલ કોઇ લમ્પી વાયરસનો કેસ દેખાયો નથી.આ અંગે વિગતો આપતા જિલ્લા નાયબ પશુપાલન નિયામક આર.ડી.પટેલ આ પ્રમાણે જણાવ્યું હતું.

બાઇટ : આર.ડી. પટેલ

**પરેશ મારૂ**

---

## વિકાસ સપ્તાહની જીલ્લામાં ઉજવણી :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ૨૩ વર્ષની સંકલ્પ સિદ્ધિની ગાથા જનજનમાં ઉજાગર કરવા રાજ્ય સરકાર દ્વારા રાજ્યભરમાં ગત તા.૭મી થી ૧૫મી ઓક્ટોબર સુધી વિકાસ સપ્તાહની ઉજવણીનો પ્રારંભ થયો છે.વિકાસ સપ્તાહ અંતર્ગત રાજ્યના વિવિધ મહત્વપૂર્ણ સ્થળોનું સુશોભન અને લાઈટીંગ કરવામાં આવ્યું છે.ભુજમાં પણ સ્મૃતિવન સ્મારક અને મ્યૂઝિયમ્સની ઇમારતને રોશનીથી શણગારવામાં આવ્યું હતું.આ ઉપરાંત વિવિધ પ્રવૃત્તિ હેઠળ જીલ્લાની શાળાઓમાં વિદ્યાર્થીઓએ ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી હતી.તો ભુજ નગરપાલિકા દ્વારા શહેરની દિવાલ પર કચ્છ, રાજય તથા દેશની સંસ્કૃતિ અને વિરાસતને દર્શાવતા ભીંતચિત્રો દોરવામાં આવ્યા હતા.

**માહિતી ખાતું**

---

## ભુજ-નલિયા રેલ્વે ટ્રેકની ચકાસણી :

ભુજ-નલિયા રેલવે ટ્રેકની કામગીરી તાજેતરમાં પૂર્ણ થયા બાદ અંતિમ ચકાસણી માટે અધિકારી સાથે 10 કોચ સાથેની ટ્રેન ગઇકાલે નલિયા પહોંચી હતી.ટ્રેનમાં 150થી વધુ અધિકારી-કર્મચારીઓએ નલિયા સુધી મુસાફરી કરી હતી.

**પરેશ મારૂ**

---